જન્મદિને વધામણી

એમ એમ શાહ
પ્રમુખ, સમસ્ત ખડાયતા સમાજ, મેનેજિંગ ટ્રસ્ટી સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ, સેક્રેટરી, શેઠ જી સી હાઈસ્કૂલ ટ્રસ્ટ, પિલવાઈ
મો. ૯૯૦૯૫ ૧૦૨૯૨

ચિરાગ ભગત

જશવંતસિંહ હિંમતસિંહ ચાવડા
નિવૃત્ત હિસાબી અધિકારી
મો. ૯૬૩૮૪ ૪૨૨૭૪

કેવિન રામાણી

ઋતુલ વિશાલકુમાર રાજદીપ
ઓફિસ આસી., વન પર્યાવરણ
મો. ૮૭૫૮૩ ૧૪૧૩૧

ચિરાગ પરમાર

રવિન્દ્ર આર ચાદવ
ટ્રસ્ટી,વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

અંકિત પટેલ

કિશન સોરઠિયા

આકાશ ચાવડા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

કલ્પતરુ ક્રિકેટ કાર્નિવલમાં ડિસ્પેચ ડેરડેવિલ્સ વિજયી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં કાર્યરત કલ્પતરુ કંપની છેલ્લાં ૧૭ વર્ષથી એમના સ્ટાફ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરે છે. આ વખતે આ સ્પર્ધામાં ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. ગઈકાલે આ સ્પર્ધાની ફાઈનલ મેચ પ્રૉડક્શન પિલ્લર અને ડિસ્પેચ ડેરડેવિલ્સ વચ્ચે યોજાઈ હતી. ડિસ્પેચે ટૉસ જીતીને પ્રથમ બેટીંગ કરતાં નિર્ધારિત ૧૬ ઓવરમાં છ વિકેટે ૧૧૨ રન નોંધાવ્યા હતા. પ્રૉડક્શન જેવી મજબૂત ટીમ માટે આ સ્કોર ચેઝ કરવો આસાન હતો. પણ બેટીંગમાં ૫૯ રનનું યોગદાન આપનાર મનોહર ઝાલાએ છ વિકેટ ઝડપતાં અને વિકેટ પાછળ પરાગ પટેલે છ કેચ ઝડપતાં પ્રોડક્શન પિલ્લર ૭૦ રનના સ્કોરમાં સમેટાઈ ગઈ હતી અને ડિસ્પેચ ડેરડેવિલ્સ ચેમ્પિયન બની હતી. આ મેચમાં કોમેન્ટ્રેટર તરીકે મહેન્દ્ર પટેલ, કે ડી ભાવસાર અને સંજય થોરાતે સેવાઓ આપી હતી. જ્યારે ટુર્નામેન્ટને સફળ બનાવવા સાત્વિક ત્રિવેદી, આશિષ ડુંગરાણી, નિકુંજ શુક્લા, પ્રકાશ રાજન અને પરાગ પટેલે જહેમત ઊઠાવી હતી. સ્પર્ધાના અંતે ટ્રોફી એનાયત કરવા કંપનીના એમ ડી મનીષ મોનોત, ફાયનાન્સ ડિરેક્ટર કમલ જૈન, ઑપરેશન ડિરેક્ટર ડી બી પટેલ, ઍચ આર પ્રૅસિડેન્ટ ઍમ ઍ બારૈયા, પ્રૅસિડેન્ટ ડી એસ ગાંધી, રાજીવ દલેલા, પંકજ પટેલ, ધર્મેશ મહંત વગેરે હાજર રહ્યા હતા. સ્પર્ધામાં મૅન ઑફ ધ સિરીઝ અને બેસ્ટ બેટ્સમેન મનોહર ઝાલાને અને બેસ્ટ બોલર પ્રદીપ પટેલને ટ્રોફિથી નવાજવામાં આવ્યા હતા.

કામના અત્યંત ભારણ વચ્ચે થતી આવી પ્રવૃત્તિઓ કંપનીના કર્મચારીઓને એનર્જી મેળવવા માટે અત્યંત લાભદાયી થાય છે. કલ્પતરુ કંપની શુક્રવારે એમનું એન્યુઅલ ગેટ ટુ ગેધર પણ ઉજવવા જઈ રહી છે.

અનન્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓ સ્ટેટ ટે ક્વોન ડોમાં વિજયી

ગાંધીનગર, તા. ૨૫

રઘુવીર સ્કૂલ, અમદાવાદ ખાતે તાજેતરમાં રાજ્યકક્ષાની ટે ક્વોન ડો સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ભાગ લઈને કલોલની અનન્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વિજય પ્રાપ્ત કર્યો હતો.

વ્રજ જીતુભાઈ પટેલ અને હર્ષ ભરતભાઈ પટેલને ગોલ્ડ મેડલ, દેવ સતિષભાઈ પટેલ, તીર્થ મિતેષભાઈ પટેલ, ક્રિશ ઉમેશભાઈ પટેલ, જીલ શૈલેષભાઈ પટેલ, પક્ષાલ પાવનભાઈ દેસાઈ, સાહિલ મિનેસભાઈ નાયક, કેયલ પંકજભાઈ માણવરને સિલ્વર મેડલ તથા જય રાજુભાઈ પટેલ, ગુલઝાર અલ્લાદેત મોમીન, મીત ઘનશ્યામભાઈ પટેલ, હિનલ અશોકભાઈ પંચાલ, રોનક પ્રકાશભાઈ પરમાર, મીત લાલજીભાઈ સુથાર, રોમીક વિષ્ણુભાઈ રબારી, નિખીલ કૌશિકભાઈ પટેલ, ઉત્સવ રાકેશભાઈ પટેલ અને યશ હસમુખભાઈ પટેલને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો હતો.

પ્રિન્સિપાલ મમતાબેન ભટ્ટ, ગીતાબેન પટેલ, ટ્રસ્ટી ડૉ. અતુલભાઈ પટેલે વિજેતા વિદ્યાર્થીઓનું મેડલ અર્પણ કરીને સન્માન કર્યું હતું.

ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થીઓ માટે કલા દ્વારા જાગૃતિ અભિયાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૫

ચૈતન્ય શાળા દ્વારા ગ્રામીણ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કલા દ્વારા જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચૈતન્ય શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ગરીબ ગ્રામીણ લોકોના લાભાર્થે માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહારને લગતી પ્રદર્શન સામગ્રી તૈયાર કરી હતી.

રાજ્ય કક્ષાના ગ્રામ વિકાસ મંત્રી જયંતિભાઈ કાવરીઆ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે યુવા કલાકારોનું સન્માન કર્યું હતું. આ અભિયાનની ગ્રામ વિકાસ કમિશનર ડૉ. જયંતિ રવિએ આગેવાની લીધી હતી. ચૈતન્ય શાળાના ડિરેક્ટર ઈલિઝાબેથ કોશીએ પોતાની સક્રિય ઉપસ્થિતિ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓને વરિષ્ટ ચિત્રકાર અને કલાકાર ગજ્જર દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. યુવાનો માટે આ બે દિવસનો પ્રસંગ સામાજિક રીતે પ્રેરણાદાયી અને આનંદભર્યો બની રહ્યો હતો.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની કબડ્ડી ટીમનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૨૫

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની કબડ્ડીની ટીમ ખેલ મહાકુંભ ઝોન-એમાં ચેમ્પિયન બની હતી અને ગાંધીનગર મહાનગરની સ્પર્ધા સેક્ટર-૧૬માં મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે યોજવામાં આવી હતી, જેમાં તૃતિય સ્થાન આ ટીમે પ્રાપ્ત કર્યું હતું.

આ ટીમમાં પંકજ જાદવ, યશ અડાલજા, તેજસ વાળા, હિરેન પટેલ, ગૌરવ પટેલ, નિમેશ રાવલ, ભરત અને હર્ષદ સામેલ હતા.

કૉલેજના ફિઝિકલ એજ્યુકેશનના પ્રૉ. ડૉ. રણછોડ રથવી અને પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ આ સર્વ ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે ટીમમાંથી ચાર ખેલાડીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી છે, જેમને કૉલેજ પરિવાર તરફથી શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજના વિદ્યાર્થીઓએ અમદાવાદ ખાતે સ્થિત ઈસરોની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. ઈસરોના કર્મચારીઓએ વિદ્યાર્થીઓને સ્પેસ શટલ, સ્પેશ શૂટ, અવકાશ યાત્રીઓ તથા સંશોધન વિશે વિગતવાર માહિતી આપી હતી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ કેળવાઈ હતી. ઈસરોના કર્મચારીઓનો ઉત્સાપ્રેરક સહયોગ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયો હતો.

શિવરંજની દ્વારા વસંતને વેલકમ કરાઈ

સૂર અને શબ્દની આરાધનાને વરેલી ગાંધીનગરની શિવરંજની સંસ્થાનો ચોથો કાર્યક્રમ 'વેલકમ - વસંત સૂરોં કે સંગ' ગાંધીનગર ટાઉનહૉલમાં યોજાઈ ગયો. વસંતની પધરામણીના સૂરોથી વધામણા થાય તેવા રોમાંચક હિન્દી અને ગુજરાતી ગીતોના કાર્યક્રમ રાખવાની પૂર્વભૂમિકા તરીકે સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચે જણાવ્યું કે વિદેશમાં કુદરતના સૌન્દર્યના આવા સ્વરૂપને આપણે ગાંડપણ કહી શકીએ એટલા ઉન્માદ સાથે વિદેશીઓ માણે છે. ત્યારે આપણે તેમાં ઉણાં શાને ઉતરવું ? એમ જણાવીને તેમણે કાર્યક્રમને માણવા અનુરોધ કર્યો. કાર્યક્રમના નીવડેલા કલાકારો નીરજ પાઠક, ડૉ. ફાલ્ગુની ડૉક્ટર, આનલ વસાવડા અને હર્ષ શાહના યુવાન સૂરોએ શરૂઆતથી જ વાસંતી માહોલ બાંધી દીધો. કાર્યક્રમ જામતો ગયો તેમ જેમણે વર્ષોથી ગાયકી છોડી દીધી હતી એવાં અને કાર્યક્રમમાં જેમના સંગીતની સૂરાવલીઓ રેલાવાની હતી તેવા સંગીતકાર પંકજ પાઠકની ગાયકીનો લાભ મળ્યો. એન્કર તરીકે પીઢ સંચાલનકાર તુષાર જોષી અને સાથોસાથ જેમને શિવરંજનીના સ્ટેજ પરથી એન્કરીંગ કરવાની પ્રથમ વાર જ તક મળી હોય તેવા તોરલ કવિ પણ જોડાયા. કદાચ ગાંધીનગર શહેરમાં પહેલી જ વાર બે એન્કરની પેશગી થઈ તે બાબતે સૌ ગુણીજનોનું ધ્યાન ખેંચ્યું.

કાર્યક્રમની શરૂઆત દેવી સરસ્વતીની વંદનાથી આનલ વસાવડાએ કરી. વસંતનાં વધામણાં કરવા એક પછી એક ફૂલોના ગુલદસ્તારૂપી ગીતો રજૂ થાય તે માટે બંને એન્કરે સંચાલનની નવી તરાહ તરીકે વસંતઋતુ એ પ્રેમની ઋતુ હોવાથી બે યુવાન હૈયાની નજર પ્રથમ વાર મળે ત્યારથી લઈને તેઓ ગૃહસ્થાશ્રમના ઉંબરે પહોંચે ત્યાં સુધીની વાર્તા ગૂંથી અને તેનાથી ઓડિયન્સ પણ તેના દોરમાં ગુંથાઈ રહ્યું અને પછી ગાયકોના કંઠનાં કામણથી વસંતનું ગુલમહોરિયું વાતાવરણ સમગ્ર ટાઉન હૉલમાં પ્રસરી ગયું. ગુજરાતી ભાષાનાં લોકપ્રિય ગીતો - હું તો તારી પ્રીતમાં પાગલ થઈ ગઈ... એક છોકરીની આંખ મહીં ઉડતો ગુલાલ...ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના... નયનને બંધ રાખીને મેં જ્યારે તમને જોયા છે... પાંદડું લીલું ને રંગ રાતો... ફાગળ કોરવતો આવ્યો... જેવી રચનાઓએ રંગ જમાવ્યો.

કાર્યક્રમનું ધ્યાનાકર્ષક પાસું સ્ટેજની સજાવટ હતું. ઋતુઓના કટ આઉટ અને સુંદર રીતે શણગારેલો હિંચકો કોઈની નજરમાંથી છટકી શકે એમ ન હતાં. આવી સુંદર અને આકર્ષક સ્ટેજ સજ્જા માટે રંજનીને અભિનંદન. ગાયકો અને સંચાલકોએ હિંચકા પરથી રજૂ કરેલી રચનાઓએ ગુણીજનોના હૃદયમાં પણ વસંતના રોમાંચક સૂરોને હિંચકાવ્યા.

કાર્યક્રમના સંગીતકાર પંકજ પાઠક જેઓ વર્ષ ૧૯૯૫ સુધી સિદ્ધહસ્ત ગાયક રહી ચૂકેલા અને હવે સંગીતકાર તથા સંગીતના શિક્ષક તરીકે વ્યસ્ત રહે છે તેમણે હરિહરનના કંઠે ગવાયેલ રોજા ફિલ્મના ગીત ગીત તૂ હી રે.. જેવી અઘરી અને સારી ગવાય તો રોચક લાગે એવી રચના એટલી સુંદર રીતે રજૂ કરી કે પ્રેક્ષકો ડોલી ઊઠ્યા. એ પછી અખિંયો કે ઝરોખોં સે... હરતરફ અબ યહી અફસાને હૈં... રંગી સારી ગુલાબી ચુનરીયા રે... હોલિયામેં ઊડે રે ગુલાલ... રંગ બરસે ભીગે ચુનરવાલી... જેવાં ગીતોએ મસ્તીનો માહોલ બનાવી દીધો. ત્રણેક કલાકનો કાર્યક્રમ સાંભળ્યા પચી હર્ષ શાહે નવાં ગીતોને એક-બે કડીઓ લલકારીને પ્રેક્ષકોને ઝૂમાવી દીધા.

આમ એક યુગલના પ્રેમારંભથી માંડીને તેમના પ્રેમની વસંત ખીલે ત્યાં સુધીની સંગીતના સૂરોની સફર ખૂબ સુરીલી રહી.. અને હોય જ કારણ કે સત્કાર કોઈને પણ હોય તે રૂડો જ હોય અને આ તો સૂરોથી વહેતું કરવામાં આવેલ વેલકમ હતું, જેણે વસંતને માત્ર આવકારી નહીં પણ ખીલવા દીધી. આવી નવી તરહની વાસંતી ભેટ માટે શિવરંજનીને અભિનંદન...

- નરેશ ઝીંઝુવાડીયા



સાયન્સના બીજા અને ચોથા સેમીસ્ટરની પ્રેક્ટિકલ પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૨૫

શિક્ષણ બોર્ડની આગામી માર્ચ માસની પરીક્ષાને લઈ સાયન્સ બીજા અને ચોથા સેમેસ્ટરની પ્રેક્ટિકલ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડ દ્વારા જાહેર કરાયો હતો. જોકે સ્કૂલો તરફથી મળેલી રજૂઆતના પગલે સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. બીજા સેમેસ્ટરની પ્રેક્ટિકલ પરીક્ષા અગાઉના કાર્યક્રમ મુજબ માર્ચના અંતમાં લેવાની હતી.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સાયન્સ બીજા અને ચોથા સેમેસ્ટરની પરીક્ષા માટેનો કાર્યક્રમ જાહેર કર્યો ત્યારે બીજા સેમેસ્ટરની પ્રેક્ટિકલ પરીક્ષા માર્ચના છેલ્લા સપ્તાહમાં અને ચોથા સેમેસ્ટરની પ્રેક્ટિકલ પરીક્ષા ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહમાં લેવા માટે આદેશ કર્યો હતો. જોકે સ્કૂલો તરફથી બોર્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે, ૮ માર્ચથી સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષા શરૂ થતી હોઈ પરીક્ષા પૂર્ણ થયા બાદ શિક્ષકો ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરીમાં જોડાવવાનો હોવાથી માર્ચના અંતમાં બીજા સેમેસ્ટરની પ્રેક્ટિકલ પરીક્ષા લેવાની કામગીરી મુશ્કેલ બનશે. જેથી બોર્ડ દ્વારા સાયન્સ બીજા સેમેસ્ટરની પ્રેક્ટિકલ પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. બોર્ડ દ્વારા તમામ સ્કુલોને જાણ કરવામાં આવી છે કે, સાયન્સના ચોથા સેમેસ્ટરની લેખિત પરીક્ષા શરૂ થાય તે પહેલા બીજા સેમેસ્ટરની પ્રેક્ટિકલ પરીક્ષા પૂર્ણ કરવાની રહેશે.

જિજ્ઞા આર પટેલ પીએચડી થયાં

ગાંધીનગર, તા. ૨૫

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ગ્રામીણ પરિસર, રાંધેજા ખાતે સ્થિત ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રમાં જિજ્ઞા આર પટેલે ગુજરાત રાજ્યમાં કેન્સર, મધુપ્રમેહ, હૃદયરોગ તથા મગજના રોગો અંગે સાવચેતી અને નિયંત્રણ માટે રાષ્ટ્રીય કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ ગ્રામીણ મહિલાઓને ધ્યાનમાં રાખીને કર્યો હતો ને આ વિષયે મહાશોધ નિબંધ લોકેશ જૈનના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક તૈયાર કર્યો હતો. તેમણે ગ્રામીણ મહિલાઓમાં જીવનશૈલીના વિકારો અને બિનચેપી રોગો વિશે સંબંધોનું વિશ્લેષણ કર્યું છે જેનાં તારણો તે વિશેની જીવનશૈલીના વિકારો નાથવામાં ગાંધી વિચારસરણીની પ્રાસંગિકતા અને તે અંગે લોકજાગૃતિ તથા કાર્યક્રમ સંચાલનની વહીવટી વ્યવસ્થાને અસરકારક બનાવવામાં ખૂબ જ ઉપયોગી નીવડશે.